# નવી કંપનીઓને આકર્ષવામાં ગુજરાત કરતાં પાડોશી રાજ્યો આગળ નિકળી ગયા

## છેલ્લા પાંચ વર્ષમાં ગુજરાતમાં ૩૪,૭૦૦ થી વધુ નવી કંપની નોંધાઇ પરંતુ સામે ૧૬,૦૭૮ કંપનીઓ બંધ પણ થઇ ગઇ છે

ગાંધીનગર

દેશના રાજ્યોમાં ઔદ્યોગિક મૂડીરોકાણની સ્પર્ધા શરૂ થઈ છે. ગુજરાત વાયબ્રન્ટ સમિટ કરીને મૂડીરોકાણ મેળવે છે જ્યારે અન્ય રાજ્યો વાયબ્રન્ટ સમિટ વિના ગુજરાતનું જ મૂડીરોકાણ તેમના રાજ્યમાં લઈ જઈ રહ્યાં છે. તાજેતરમાં રાજસ્થાન સરકારે ગુજરાતમાં આવીને એક લાખ કરોડ રૂપિયાનું મૂડીરોકાણ મેળવ્યું છે. ગુજરાત કરતાં મધ્યપ્રદેશ આગળ નિકળ્યું છે.

પાર્લામેન્ટમાં આપવામાં આવેલા આંકડા પ્રમાણે છેલ્લા પાંચ વર્ષમાં ગુજરાતમાં ૩૪,૭૦૦ થી વધુ નવી કંપનીઓ આવી છે. દેશમાં સૌથી વધુ કંપનીઓમાં ગુજરાત આઠમા નંબરે છે. આ સાથે જ રાજ્યમાં ૧૬,૦૭૮ કંપનીઓ પણ બંધ થઈ ગઈ છે. ઔદ્યોગિક ગુજરાતનો આટલો બધો પાછળનો ક્રમ સોચનિય છે.

જો કે ૧ એપ્રિલ, ૨૦૧૬ અને નવેમ્બર ૨૦૨૧ ની વચ્ચે, મહારાષ્ટ્ર, દિલ્હી, ઉત્તર પ્રદેશ, કર્ણાટક, તમિલનાડુ, તેલંગાણા અને મધ્યપ્રદેશ જેવા રાજ્યોમાં ગુજરાત કરતાં વધુ કંપનીઓ છે. માહિતી અનુસાર, મહારાષ્ટ્રે સમાન સમયગાળા દરમિયાન લગભગ ત્રણ ગણાથી વધુ ૧ લાખ ૭ હજાર,૮૨૫ કંપનીઓને આકર્ષિત કરી છે, જે સૌથી વધુ છે. જો કે, આ સમયગાળા દરમિયાન મહારાષ્ટ્રમાં ૮૧,૪૧૨ કંપનીઓ પણ બંધ થઈ ગઈ છે.

વર્તમાન નાણાકીય વર્ષના પ્રથમ આઠ મહિનામાં ગુજરાતમાં માત્ર ૫,૭૨૭ નવી કંપનીઓ નોંધાઈ છે. કોર્પોરેટ બાબતોના મંત્રાલયનો ડેટા મુખ્યત્વે કંપની એક્ટ ૨૦૧૩, કંપની એક્ટ ૧૯૫૬, લિમિટેડ લાયેબિલિટી પાર્ટનરશિપ એક્ટ, ૨૦૦૮ અને અન્ય સંલગ્ન કાયદાઓના વહીવટ સાથે સંબંધિત છે. જે દેશના વિવિધ રાજ્યોમાં એપ્રિલ ૨૦૧૬ અને નવેમ્બર ૨૦૨૧ વચ્ચે નવી સંસ્થાઓનો પ્રવાહ દર્શાવે છે.

એક વરિષ્ઠ સરકારી અધિકારીએ જણાવ્યું હતું કે મોટાભાગની કંપનીઓએ સ્ક્રછ સાથે નોંધણી કરાવવી પડે છે. જો કે, માલિકીની કંપનીઓ અને કેટલીક ભાગીદારી પેઢીઓ છે, જે સ્ક્રછ હેઠળ નોંધાયેલી નથી. પરંતુ તમામ મર્યાદિત કંપનીઓએ ખાનગી અને મર્યાદિત જવાબદારી કંપનીઓ માટે સ્ક્રછ હેઠળ નોંધણી કરાવવી જરૂરી છે.

નવી કંપનીઓની નોંધણીના આંકડા દર્શાવે છે કે દિલ્હીમાં ૭૩,૪૮૦ નવી કંપનીઓ નોંધાઈ છે. જયારે ઉત્તર પ્રદેશમાં ૭૧,૨૨૩ કંપનીઓ, કર્ણાટકમાં ૬૧,૧૩૪ કંપનીઓ, તમિલનાડુમાં ૪૭,૩૩૯ કંપનીઓ, તેલંગાણામાં ૪૭,૧૭૬ કંપનીઓ અને મધ્ય પ્રદેશમાં ૩૭,૭૭૧ કંપનીઓ નોંધાયેલી છે. આ તમામ રાજ્યો ગુજરાત કરતાં વધુ કંપનીઓને આકર્ષવામાં સફળ રહ્યા છે

# શહેરની દિકરી ઈન્ડિયન બોલીવુડ ક્રાઉનમાં બ્રાન્ડ એમ્બેસેડર બની

## પ્રાચી કલમાને મોડલિંગ ક્ષેત્રે મોટી પ્રસિધ્ધિ : જયપુર ખાતે યોજાયેલ સ્પર્ધામાં ઈન્ડિયન બોલીવુડ ક્રાઉન બ્રાન્ડ એમ્બેસેડેરનો ક્રાઉન અને ટ્રોફી હાંસલ કરી

ગાંધીનગર, તા.૨૬

તાજેતરમાં રાજસ્થાનના જયપુર ખાતે યોજાયેલ ઈન્ડિયન બોલીવુડ ક્રાઉન ૨૦૨૧ સ્પર્ધામાં ગાંધીનગરની સાત વર્ષીય બાળકી પ્રાચી કલમાને બ્રાન્ડ એમ્બેસેડર બનાવવામાં આવી છે. જે ગાંધીનગર માટે ખૂબ ગૌરવની વાત છે.



પ્રાચી કલમાએ સાત વર્ષની નાની ઉંમરે મોટી પ્રસિધ્ધિ હાંસલ કરી છે. પાંચ વર્ષથી મહેનત કર્યા બાદ દિકરીને સફળતા મળી છે. પ્રાચી કલમાના માતાપિતાનો ખૂબ સપોર્ટ હોવાથી આજે પોતાની ડ્રીમમાં આગળ વધી રહી છે. આ ઉપરાંત પરિવારના તમામ સભ્ય ખૂબ સપોર્ટ કરી રહ્યા છે. જયપુર ખાતે બ્રાન્ડ એમ્બેસેડર બનેલ પ્રાચી કલમાને મોડલિંગ, ડાન્સિંગ, પેઈન્ટિંગનો ખૂબ શોખ છે.

ગાંધીનગરમાં ઝારા મોડલિંગ કલાસમાંથી સંપૂર્ણ ટ્રેનિંગ લઈ રહી છે. જેમાં પાંચ થી છ કલાકના મોડલિંગ કલાસ ચાલી રહ્યા છે અને મોડલિંગ કોચ નિકુંજ મિસ્ત્રી દ્વારા સુંદર રીતે માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે. સાચા માર્ગદર્શક મળી જાય તો જીવનમાં સફળતા ચોકકસ મળે જ છે. પ્રાચી મોડલિંગની સાથે ડાન્સ અને એકિંટગમાં પણ ખૂબ સારી રીતે એકિટવ છે.

કામેશ્વર ઈન્ટરનેશનલ સ્કૂલમાં અભ્યાસ કરી આ દિકરીને મોડલિંગમા જ પોતાનું કરિઅર બનાવવું છે. અત્યાર સુધી કુલ છ સ્પર્ધાઓમાં ભાગ લીધો છે. જે અમદાવાદ, વડોદરા, જામગનર, પૂના, જયપુર ખાતે યોજાઈ હતી.

જેમાંથી અમદાવાદમાં ૩ વખત, જામનગરમાં ૧વખત, પૂનામાં ૨ વખત વિજેતા થઈ ચુકી છે. જામનગરમાં યોજાયેલ મોડલિંગ સ્પર્ધામાં વિનર બનેલ પ્રાચીને બ્રાન્ડ એમ્બેસેડર બનાવવાનો નિર્ણય લેવાયો હતો. જે જયપુર ખાતે યોજાયેલ ઈન્ડિયન બોલીવુડ ક્રાઉન ૨૦૨૧ સ્પર્ધામાં મહાનુભાવોના હસ્તે બ્રાન્ડ એમ્બેસેડરનો ક્રાઉન પહેરાવ્યો હતો અને ટ્રોફી આપી હતી.

આમ, બ્રાન્ડ એમ્બેસેડર પ્રાચી કલમાને પ્રિન્સેસ ઓફ રેમ્પ ટાઈટલ વિનર ઈન હોટ મોડેલ, વિનર ઈન ગ્લેમર વર્લ્ડ એન્ટરટેઈનમેન્ટ, વિનર ફર્સ્ટ રનર અપ ઈન કેપીર પ્રોડકશન, વિનર ઈન ઈન્ડિયન બોલીવુડ ક્રાઉન જામગનર, વિનર ઈન સેલિબ્રિટી લુક ફેશન શો ૨૦૨૧ અને વિનર ઈન માસ્ટર એન્ડ મીસી બાય એસઆઈપીએ એન્ટરટેઈનમેન્ટ પુનેમાં પ્રસિધ્ધિ હાસંલ થઈ છે. શહેરમાં નાના નાના બાળકો પણ અવનવી સ્પર્ધાઓમાં ભાગ લઈને શહેરનું ગૌરવ વધારી રહ્યા છે.

# શાળાઓ ગાઈડલાઈન પાલન કરે છે કે નહીં તેનું ચેકિંગ થશે

એક તરફ કોરોનાના કેસો વધી રહ્યા છે ત્યારે બીજીતરફ આરોગ્ય વિભાગ વધુ ચિંતિત બન્યું છે. સાથે જ શિક્ષણ વિભાગ પણ એકશનમાં આવ્યું છે. છેલ્લા કેટલાક દિવસોથી શાળાઓમાં બાળકોના સંકમિત હોવાના કિસ્સા સામે આવતા જિલ્લા શિક્ષણ અધિકારી કચેરીના અધિકારીઓ એકશનમાં આવ્યા છે. જે શાળાઓ કોરોના ગાઈડલાઈન પાલન કરે છે કે નહીં તેનું સરપ્રાઈઝ ચેકિંગ કરશે. સાથે જ શાળાઓએ ઓનલાઈન શિક્ષણ બંધ કરી દીધું હશે તો પણ કાર્યવાહી થશે.

આમ તો કેન્દ્ર સરકાર દ્વારા આગામી ૩ જાન્યુઆરીથી ૧૫થી ૧૮ વર્ષની વયના ટીનેજર્સ માટે વેકસીન ડોઝ આપવાની જાહેરાત કરી છે. જેને વાલીઓ પણ આવકારી રહ્યા છે. પણ તેની સાથે સાથે શાળાઓ દ્વારા નિયમોનું પાલન કરવું પણ જરૂરી છે. ઘણી શાળાઓ દ્વારા બાળકોને સોશિયલ ડિસ્ટન્સમાં બેસાડવા, બાળકોને ફરજિયાત માસ્ક પહેરવા અને હેન્ડ સેનિટાઈઝ કરવા સહિતના નિયમો પાલન કરવું જરૂરી છે. પણ કેટલીક શાળાઓ જેઓએ નિયમો પાલન કરવામા બેદરકારી દાખવી રહ્યા છે. એક કલાસમાં બે બાળકોની જગ્યાએ ૩થી ૪ બાળકો બેસાડે છે જેમાં સોશિયલ ડિસ્ટન્સ જળવાતું નથી. તો કેટલીક શાળાઓમાં બાળકો માસ્ક પહેરીને પણ આવતા નથી.

# ‘ચાલને, જિંદગી’... મોટીવેશનલ વિચારોના પુસ્તકનો વિમોચન કાર્યક્રમ યોજાયો

## ૩૬ કવિ-કવયિત્રી દ્વારા લખાયેલ પદ્યોત્સવ પુસ્તકનું પણ વિમોચન કરવામાં આવ્યું

ગાંધીનગર, તા.૨૬

અંગત ડાયરી પરિવાર દ્વારા ગાંધીનગર મુકામે પારૂલ અમિત પંખુડી દ્વારા લખાયેલ ‘ચાલને, જિંદગી’ મોટીવશનલ વિચારોનું પુસ્તક અને પદ્યોના તમામ પ્રકારને આવરી લેતું ૩૬ કવિ કવયિત્રી દ્વારા લખાયેલ પદ્યોત્સવ પુસ્તકનું વિમોચન અને કવિ સંમેલન યોજાયું હતું. જેમાં દૂર દૂરથી કવિગણ અને શ્રોતા ગણ ઉપસ્થિત રહ્યા હતા. પારૂલ અમિત પંખુડી બેંક કર્મચારી હોવાની સાથે એક સફળ લેખિકા પણ છે. ખરેખર ચાલનો જિંદગી...પુસ્તકનું શીર્ષક જ જાણે જિંદગીને ચાલવા માટે મજબૂર કરી દે છે. નિરાશા ખંખેરી માણસને દોડતો કરી શકે એવા શબ્દો અને એવી પોઝિટીવ વિચારસરણા ધરાવતું આ પુસ્તક ખૂબ સુંદર રીતે કંડારાયેલ છે. લેખિકા હંમેશા પોતાની સાથે બીજાને પણ દોડતા કરી શકવાની ખૂબી ધરાવે છે.





પારૂલ અમિત ‘પંખુડી’ એક સકારાત્મક ઉર્જાનો એવો ભંડાર છે જે સતત પોતાની આજુબાજુ આ ઉર્જાને પ્રસરાવતી રહે છે. તે જ વસ્તુએ ચાલે જિંદગીમાં સુંદર રીતે શબ્દોના મોતી પરોવ્યા છે. આ પ્રસંગે અતિથિવિશેષ કવિ અનંદ રાઠોડ, કવિ પરમ પાલનપુરી ઉપસ્થિત રહ્યા હતા તેમજ સમારંભના ઉદઘાટક કવિ કમલ પાલનપુરી, ડૉ. કે.કે.વૈષ્ણન અને મુખ્ય મહેમાન કૃષ્ણકાન્ત જહા મેનેજીંગ તંત્રી ગાંધીનગર સમાચાર અને કાશીપરા મનસુખલાલ ઉપસ્થિત રહ્યા હતા. પારૂલ અમિત પંખુડી દ્વારા આ સુંદર પ્રયાસને એમના માતા પિતા હરિલાલ પંડયા અને અમૃત પંડયા દ્વારા આશીર્વચન આપી વધાવી લેવાયા હતા.

ઉપસ્થિત તમામ કવિઓએ પોતે લખેલી રચનાઓને મંચ ઉપર પ્રસ્તુત કરી અને શબ્દોના અને કાવ્યોના મહાસાગરમાં આખો હોલ મંત્ર મુગ્ધ થઈ ગયો હતો.

જાણે પથરાયો શબ્દોનો મહાસાગર. કવિ અનંત રાઠોડના શબ્દોએ તમામ કવિઓને ઝંઝોળી દીધા હતા. કમલ પાલનપુરીના પથરાયેલા શબ્દોના જાદુને માણ્યો હતો તથા ગાંધીનગર સમાચાર મેનેજીંગ તંત્રી કૃષ્ણકાન્ત જહાના શુભાશિષ અને ડૉ. કે.કે. વૈષ્ણવના પદ્યોત્સવ અને ચાલને જિંદગી...ના અમુક પૃષ્ઠોની ચર્ચા કરી હતી. લેખિકા પારૂલ પંખુડીને ચાલને જિંદગી... માટે બીજા ૧૨ ભાષામાં આ પુસ્તકનો અનુવાદ કરી છપાવવા માટે કાશીપરા મનસુખલાલે વચન આપ્યું હતું. પુસ્તકના વિમોચન બાદ

ગાંધીનગરની શેરીઓ અને ગુજરાતનું પાટનગર ગાંધીનગર આ બે પુસ્તકોની સાથે જાણે ફરીથી સમૃધ્ધ થઈ ગયું હોય એવો અહેસાસ ગાંધીનગર સમાચાર મેનેજીંગ તંત્રી કૃષ્ણકાન્ત જહા દ્વારા સૌને અપાવ્યો હતો. અંગત ડાયરીના એડમીન અમિત પટેલ ‘કૃષ્ણસાર’ અને પારૂલ અમિત ‘પંખુડી’ દ્વારા આ બંને પુસ્તકોનું ૨૫મીના રોજ વિમોચન કરીને સમાજને અર્પણ કર્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કવિ જલ સાગર અને કવિ જયેશ કેલર દ્વારા કરવામાં આવ્યું હતું.

# નદી માત્ર ગુજરાત નહી સમગ્ર વિશ્વની માતા છે : મુખ્યમંત્રી

## ઉદ્યોગો દ્વારા ટ્રીટેડ વોટર જ નદીઓમાં છોડવામા આવે તે દિશામાં સરકાર નક્કર આયોજન કરશે : ભૂપેન્દ્ર પટેલ

સુરત, તા.૨૬

તાપી નદી પર ઝડપભેર રિવરફ્રન્ટનું નિર્માણ કરવા રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે. ગુજરાતને ગ્રીન કવરથી આચ્છાદિત કરવા નદીઓનું ગૌરવગાન અને સન્માન કરવાના હેતુથી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં સુરતના સિંગણપોર વિયર કમ કોઝવે ખાતે રાજ્યકક્ષાનો “નદી ઉત્સવ” યોજાયો હતો.

નદીઓ રાજ્યના અપ્રતિમ વિકાસની મૂક સાક્ષી છે. માનવજીવન સહિત અનેકવિધ સજીવો માટે નદીઓ શુદ્ધ મીઠા પાણીઓ એકમાત્ર સ્ત્રોત છે.



તેમજ ઉદ્યોગો દ્વારા ટ્રીટેડ વોટર જ નદીઓમાં છોડવામા આવે તે દિશામાં રાજ્ય સરકાર નક્કર આયોજન કરશે. એમ સુરતની તાપીનદીના તટેથી આજે રાજયવ્યાપી ’નદી ઉત્સવ’નો શુભારંભ કરાવતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સ્પષ્ટપણે જણાવ્યું હતું. દેશની આઝાદીને ૭૫ વર્ષ પૂર્ણતાના અવસરે દેશભરમાં ઉજવાઈ રહેલા ‘આઝાદી કા અમૃત મહોત્સવ’ના ભાગરૂપે દેશની પ્રગતિ અને પ્રકૃત્તિમાં મહત્વનું યોગદાન આપતી

જ્યાં તાપી નદીના પાવન તટે મુખ્યમંત્રીએ ભૂદેવોના વૈદિક મંત્રોચ્ચાર સાથે પૂણ્યસલિલા તાપીમૈયાનું પૂજન-અર્ચન કર્યું હતું. તેમણે શ્રમદાન કરી નદીઓને સ્વચ્છ અને સુરક્ષિત રાખવાનો સંદેશ આપ્યો હતો. મુખ્યમંત્રીએ ’નદી ઉત્સવ’ નદીઓના કિનારે વિસરાયેલી ભવ્ય સંસ્કૃતિને સજીવન કરવાનો આ પ્રયાસ હોવાનું જણાવી વધુમાં ઉમેર્યું કે, નદીઓ, પર્યાવરણ આપણી મહામૂલી સંપત્તિ છે. આપણી

આપણી આવનારી પેઢીઓ સાથે પર્યાવરણની સુરક્ષા માટે જીવનદાતા નદીઓની જાળવણી કરવી આપણી ફરજ છે. આપણી આવનારી પેઢીઓ સાથે પર્યાવરણની સુરક્ષા માટે જીવનદાતા નદીઓની જાળવણી કરવી આપણી ફરજ છે. તા.૨૬ થી ૩૦ ડિસેમ્બર દરમિયાન રાજયભરમાં ’નદી ઉત્સવ’ના માધ્યમથી નદીઓ, વૃક્ષો સહિતની કુદરતી સંપત્તિના સંરક્ષણની આહલેક જગાવવામાં આવશે.

## સચેત રહો

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

ઉજાગર કરીને વધુ સારું કરવા, વધુ સારા બનવાની પ્રેરણા આપતી આવી છે. પીએમ મોદીએ કોરોનાના નવા વેરિઅન્ટ ઓમિક્રોન અંગે દેશવાસીઓને ચેતવ્યા હતા. તેમણે કહ્યું કે, કોરોનાનો નવો વેરિઅન્ટ આવી ચૂક્યો છે. આપણે તેનું ધ્યાન રાખવું પડશે. મોદીએ કહ્યું કે જે નવો વેરિઅન્ટ ઓમિક્રોન આવ્યો છે, તેનો અભ્યાસ આપણા વૈજ્ઞાનિકો કરી રહ્યા છે. તેમણે નાગરિકોને અપીલ કરી કે સ્વયંની સજાગતા, શિસ્ત કોરોનાના આ નવા વેરિઅન્ટ સામે આપણી શક્તિ છે.

## વાઈબ્રન્ટ નજારો

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

અનુલક્ષી માર્ગો આસપાસની ફુટપાથને નિખારવા માટે કામ શરૂ કરી દેવાયુ છે. પરંતુ સર્કલ થી સેકટરો સાથે જોડાયેલા માર્ગો વચાળે સ્થિત ફુટપાથ પર હાલ મોટામસ ગાબડા અસ્તિત્વમાં આવ્યા છે. એટલુ જ નહીં પરંતુ વોક વે પર કચરાના ઢગ પથરાયેલા છે. જેના લીધે વોકીંગ કરનારા પણ માર્ગ પર ઉતરી જાય છે. વન આરક્ષિત વિસ્તારમાં પણ કચરાના ઢગ ખડકાયેલા છે. તુટેલી ફેન્સીંગના લીધે રખડતા ઢોર પણ આ જગ્યાએ ઘુસી જતા ગમે ત્યારે માર્ગ પર દોડી આવતા માર્ગ સલાતમી પણ જોખમાઈ છે. જયારે ફુટપાથ પર વોકીંગ કરવામાં પણ જોખમ છે. સ્માર્ટ સીટીની ફુટપાથ પર વોકીંગ કરવાનુ પણ સલામત નથી શહેરના ઘ-૨ થી ગ-૨ તરફ જવાના માર્ગ પર ફુટપાથ પર લાંબા સમયથી ખાડા અસ્તિત્વમાં આવ્યા છે. ફુટપાથની ટાઈલ્સો તુટી જતા મોટા ગાબડા ગમે ત્યારે અકસ્માતનુ કારણ બને તેવી સ્થિતિ છે. આ ઉપરાંત વોક વે પર કચરા પેટીની જેમ કચરો ઠલવાયેલો નજરે પડે છે. નગરના મુખ્યમાર્ગો પર ફુટપાથને વાઈબ્રન્ટ લુક આપવા માટે કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. જયારે શહેરના અન્ય માર્ગો પર ફુટપાથને નિખારવા માટે તંત્ર દ્વારા લાંબા સમયથી કોઈ પગલા લેવાયા નથી જેના લીધે સેકટરવાસીઓમાં પણ રોષ પ્રવર્તયો છે. ગંદી ગોબરી ફુટપાથ મોટામસ ગાબડાના લીધે મોતના કુવા સમાન બની હોય તેવી સ્થિતિ છે. વોક વે પર વોકીંગ કરનારા સિનિયર સિટીઝન્સ પણ ઘણીવાર ગોથે ચઢતા ઈજાગ્રસ્ત બન્યા હોવાના કીસ્સા છે. ત્યારે વાઈબ્રન્ટ લુક આપવાની સાથે શહેરના વોક વે ના નિર્માણ પાછળ ખર્ચાયેલા કરોડો રૂપિયાનો હેતુ સાર્થક થાય તે દિશામાં પણ ધ્યાન કેન્દ્રીત કરવાની અનિવાર્યતા હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે. સેકટરો સાથે જોડાયેલા માર્ગોની આસપાસ સ્થિત વોક વે ની જાળવણી માટે પણ ત્વરિત કામગીરી હાથ ધરવામાં આવે તેવી પ્રબળ માંગણી ઉઠવા પામી છે.

## ફરી આંદોલન

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

સમાપ્ત નથી થયું, સ્થગિત થયું છે. ખેડૂતો હાલ ફક્ત ૪ મહિનાની રજા પર ગયા છે. જો સરકારે અમારી માંગણીઓ ન સ્વીકારી તો દેશમાં ફરી એક વખત આંદોલન ઊભું થશે. ફક્ત ત્રણ કૃષિ કાયદા પાછા ખેંચવામાં આવ્યા છે. અમારી બીજી માંગ હજુ નથી સ્વીકારવામાં આવી. જો સરકારે સમય પર અમારી માંગણી પૂરી ન કરી તો બીજી વખત આંદોલન થશે. આ પહેલા પણ રાકેશ ટિકૈતે કહ્યું હતું કે આંદોલન કોઈ ખતમ થનારી વસ્તુ નથી. તેને કોઈ પણ વ્યક્તિ ખતમ નથી કરી શકતી. તેમણે કહ્યું કે આ કોઈ ચીજ નહી, પરંતુ બીજ છે અને બીજ ક્યારેય ખત્મ થતું નથી. જો બીજ ખતમ થઈ જાય તો પાક જ પેદા ન થાય.

## પહેલું કિરણ ● અનુસંધાન ચોથાનું ચાલુ...

આ સંસ્થાના નેજા હેઠળ વિવિધ ક્ષેત્રની પ્રતિભાઓનું અભિવાદન કરતા એવોર્ડ પણ અપાય છે. સમાજમાં એવોર્ડ તો ઘણા અપાય છે, પરંતુ સંસ્થાએ એવોર્ડની પાટી અને પરિપાટી સાવ જુદી ઊભી કરી છે. અહીં દર વર્ષે સંગીત, નૃત્ય, ચિત્રકલા, સાહિત્યમાં શ્રેષ્ઠ પ્રદાન કરનારને સવ્યસાચી શારશ્વત એવોર્ડ એનાયત કરાય છે. આ એવોર્ડ મેળવનારાઓમાં નારાયણ દેસાઈ, મૃણાલિની સારાભાઈ, કે.જી. સુબ્રમણિયમ્, મંજુ મહેતા, બાલકૃષ્ણ દોશી, ભરત દવે, નિરંજન રાજ્યગુરુ, જ્યોતિ ભટ્ટ અને કુમુદિની લાખિયાનો સમાવેશ થાય છે.

સંસ્થા દ્વારા શ્રી મનસુખભાઈ મેદાણી સમાજ ઉત્કર્ષ એવોર્ડ એનાયત થાય છે. સમાજના છેવાડાના લોકો માટે કામ કરનારને આ એવોર્ડ અપાય છે. એવોર્ડ મેળવનારમાં સંજય-તુલા, મિત્તલ પટેલ, હસમુખભાઈ પટેલનો સમાવેશ થાય છે. સંસ્થા દ્વારા શ્રી ચીનુભાઈ આર. શાહ જીવનશિલ્પી એવોર્ડ એનાયત કરાય છે. કોઈ નવા વિચાર અને ટેકનોલોજીની સહાયથી સામાજિક પરિવર્તન જેણે કર્યું હોય તેને આ એવોર્ડ એનાયત કરાય છે. ભારતનું પહેલું ગ્લોબલ વિલેજ બનાવનારા, પુંસરી ગામના સરપંચ શ્રી હિમાંશુ પટેલને આ એવોર્ડ અપાયો હતો. સંસ્થામાં પ્રા. અનંતરાય મ. રાવળ સ્મારક ટ્રસ્ટ, શ્રી ચંદ્રવદન મહેતા ટ્રસ્ટ તથા આગમપ્રભાકર મુનિશ્રી પૂણ્યવિજયજી ચંદ્રક સમિતી, ઈન્સ્ટિટ્યૂટ ઓફ જૈનોલોજી, શ્રી જયભિખુ સાહિત્ય ટ્રસ્ટ જેવાં ટ્રસ્ટોના કાર્યક્રમોનું આયોજન પણ થાય છે. ગુજરાત વિદ્યાસભા તથા રવીન્દ્ર ભવન જેવી સંસ્થાઓના સહયોગમાં પણ કાર્યક્રમો યોજાય છે.

આ સંસ્થાએ સમયની સાથે તાલ મિલાવ્યો છે. નવી ટેકનોલોજીનો સંસ્થાએ યોગ્ય રીતે ઉપયોગ કર્યો છે. સંસ્થા દ્વારા શ્રાવ્ય સામયિકો પ્રકાશિત થાય છે. ફેસબુક અને યુટ્યુબ પર પણ સંસ્થા સક્રિય થઈ ગઈ છે. સંસ્થાના ઘણા કાર્યક્રમો ફેસબુક પર લાઈવ દર્શાવવામાં આવે છે. ભાવકો આ કાર્યક્રમો પછીથી પણ જોઈ શકે છે. ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા વિવિધ ગ્રંથ શ્રેણીઓ ચાલે છે. આ ગ્રંથ શ્રેણીઓ દ્વારા ઉત્તમ પ્રકાશનો નિયમિત રીતે પ્રકાશિત થતાં રહે છે. એક ખાસ વાત નોંધવી જોઈએ કે, ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટનું એક પણ પુસ્તક ગુણવત્તા વગરનું ન હોય. જે વિષયનું પુસ્તક હોય એ વિષયને સંપૂર્ણ ન્યાય અપાયો જ હોય. ગામઠી ભાષામાં કહીએ તો આ સંસ્થાનાં પ્રકાશનો ખણખણતાં રુપિયા જેવાં છે. ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ દષ્ટિપૂર્વકના આયોજન સાથે સતત આગળ વધી રહ્યું છે. વ્યાપ વધે અને ઊંડાણ ઘટે એ??વું ન બને તેનું પણ સંસ્થાના મોભી શ્રી કુમારપાળ દેસાઈ પૂરું ધ્યાન રાખે છે એ બાબત નોંધવી જોઈએ. ઘણી સંસ્થાઓ વ્યાપ વધારવાની લાયમાં ઊંડાણ અથવા ગહનતા ગુમાવી બેસે છે. આ સંસ્થા એ બાબતમાં જાગૃત છે. નીતનવાં આયોજનો થાય, સંસ્થાની પ્રગતિ માટેની યોજનાઓ થાય, પરંતુ ક્યાંય ખોટી ઉતાવળ નહીં, છવાઈ જવાની વાત નહીં, સહજ રીતે આ કામ ચાલે.

આ સંસ્થા છવાઈ જવામાં નહીં, પરંતુ અગરબત્તીની સુગંધની જેમ પ્રસરી જવામાં માને છે. કામ દેખાય એના કરતાં કામ બોલે તેમાં સંસ્થાને વધારે રસ છે એવું સંસ્થાને જાણનારા ભારપૂર્વક કહે છે.

આ સંસ્થા આગળ નજર રાખીને હવે પછી કરવાનાં કાર્યો પણ નક્કી કરી રાખે છે. ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના એકસોમી બેઠક ધરાવતા અદ્યતન સુવિધાવાળા સભાગૃહમાં અનેકવિદ નવા કાર્યક્રમોનું આયોજન હવે કરાશે. નવા વિચારો કે નવા સંશોધનોની વાત અહીં માંડીને કરી શકાશે. ગુર્જર ગ્રંથ ભંડારમાં વિશ્વકોશને લગતાં તેમજ અન્ય પ્રેરક પુસ્તકો યોગ્ય વળતરથી મળશે.

અનાહત ખંડ એટલે અદ્યતન દશ્ય શ્રાવ્ય ખંડ અહીં વિવિધ વ્યક્તિઓના વ્યાખ્યાનોનું રેકોર્ડિંગ થશે. જાણીતી વ્યક્તિઓની મુલાકાતો પણ થશે. સંગીતના કાર્યક્રમોનું ધ્વનિ મુદ્રણ કરાશે. સંસ્થાના પરિસરમાં સ્માર્ટ ક્લાસ પણ બનાવવામાં આવ્યો છે. અહીં વિવિધ વિષયો પર કાર્ય શિબીરો પણ યોજાશે. સંસ્થાના નેજા હેઠળ ૨૧મી સદીના પુસ્તકોની સૂચિ બનાવવાનું કાર્ય પણ થઈ રહ્યું છે. સંસ્થાના નેજા હેઠળ વિવિધ કોશ પ્રવૃતિ પણ થઈ રહી છે. અર્વાચીન નારી કોશ, વિજ્ઞાન કોશ, બૃહદ નાટ્ય કોશ પણ તૈયાર થઈ રહ્યાં છે. આ ઉપરાંત માતૃભાષા ગુજરાતી અભિયાનના નેજા હેઠળ વિવિધ સ્પર્ધાઓ યોજાય છે. સંસ્થા દ્વારા નિયમિત રીતે વાર્તાલેખન સ્પર્ધા, કિશોર સાહિત્યની કૃતિઓ અંગેની સ્પર્ધા, બાળ નાટકની સ્પર્ધા, વગેરે યોજાય છે. નવી પ્રતિભાઓને ઉત્તેજન આપવાની સાથે સાથે પારિતોષિક મેળવનારી કૃતિઓમાંની કેટલીક કૃતિઓનું પ્રકાશન પણ સંસ્થા કરે છે.

સરવાળે એટલું જ કહેવાનું કે ગુજરાત વિ??શ્વકોશ ભવન ગુજરાતી ભાષા-સાહિત્ય અને સાંસ્કૃતિક ચેતનાનું ધબકતું કેન્દ્ર બની ગયું છે. આ ભવને પાંખો પ્રસરાવી છે. આ ભવનમાં વિદ્યાનું તપ પણ છે અને વિવિધ કલાઓનું વહેણ પણ છે. આ ભવનમાં એક સ્વસ્થ સમાજ માટે જરુરી મનુષ્ય ચેતના ઉજાગર થાય તેવા અનેક કાર્યક્રમો થાય છે અને આયોજનો પણ થાય છે. પદ્મભૂષણ ડૉ. ધીરુભાઈ ઠાકરની વિદાય પછી પદ્મશ્રી કુમારપાળ દેસાઈ સંસ્થાની ધુરા યોગ્ય રીતે અને પાકી પ્રીતે સંભાળી લીધી છે.

ગુજરાતીઓ અત્યાર સુધી એમ માનતા હતા કે રૂપિયા કે પૈસા જ એક માત્ર ધન છે,

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટે ગુજરાતને-ગુજરાતીઓને પ્રતીતિ કરાવી કે સંશોધન પણ એક જાતનું ધન છે, વિદ્યા પણ એક જાતની સમૃદ્ધિ છે.

# મહેસાણા ખાતે ક્ષત્રિય ઠાકોર સમાજ દ્વારા ચૂંટણીલક્ષી યાત્રા યોજાઈ

## દર મહિને એક યાત્રા કરીશ : અલ્પેશ ઠાકોર

મહેસાણા, તા. ૨૬

મહેસાણા ખાતે ક્ષત્રિય ઠાકોર સમાજ દ્વારા ચૂંટણીલક્ષી યાત્રા યોજાઈ હતી. જેમાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા.

આ વ્યસનમુકિત અને સમાજને મજબૂત કરવા માટે યાત્રા નીકળી હતી. જેમાં ભાજપના અધ્યક્ષ સ્થાને ૨૩મી કિ.મી.ની યાત્રા મરતોલીમાં ચેહર માતાના દર્શન કરી રામપુર, રાતેજ, દેથલી, વલ્લભ ભટ્ટની વાવથીને બહુચરાજી મંદિરે ખાતે પહોંચી હતી.

આ પદયાત્રામાં સ્થાનિક કોંગ્રેસના ધારાસભ્ય પણ જોડાયા હતા. ચૂંટણીલક્ષી ક્ષત્રિય ઠાકોર સેનાની પદયાત્રામાં ભાજપ-કોંગ્રેસ જોડે દેખાતા હાલમાં અનેક



અટકળો સેવાઈ રહી છે.

આ યાત્રામાં મોટી સંખ્યા ઠાકોર સેનાના સભ્યો જોડાયા હતા. એક તરફ ઠાકોર સેનામાં જૂથબંધી દેખાઈ રહી હતી. કારણ કે રામજી ઠાકોર આ બેઠકમાં હાજર રહ્યા ન હતા. તો કોંગ્રેસના ભરતજી ઠાકોર આ યાત્રામાં જોડાયા હતા. આ શક્તિ પ્રદર્શન નથી અને ભાજપે તમામ બેઠકો જીતવા અને કોંગ્રેસે ૧૨૫ બેઠકો જીતવાનું આહવાન કર્યું હોવાની વાત કહી યાત્રાને વિવાદમાં મૂકી હોય તેવું લાગી રહ્યું હતું. જયારે આ પ્રશ્ન જગદીશ ઠાકોરની સામે શકિત પ્રદર્શન નથી પરંતુ સમાજના ઉત્થાન અને સમાજને એકજૂથ થવા માટે આ યાત્રા હોવાનું જણાવ્યું હતું. જયારે કોંગ્રેસના ભરતજીએ આ સમગ્ર મામલે કઈ પણ કહેવાનો ઈન્કાર કર્યો હતો. જયારે આ યાત્રા દરેક જિલ્લામાં યોજાશે તેવી જાહેરાત કરવામાં આવી હતી.